| | | | |
|---|---|---|---|
| રજૂ તારીખ :– | ૨૮.૦૭.૨૦૨૫ | | |
| દાખલ તારીખ:– | ૨૮.૦૭.૨૦૨૫ | | |
| જજમેન્ટ તારીખ:– | ૦૭.૦૩.૨૦૨૬ | | |
| અવધિ:– | વર્ષ | માસ | દિન |
| | ૦૦ | ૦૭ | ૦૭ |
| આંક:– | | | |

सत्यमेव जयते

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S) 1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179-A અન્વયેના નોટીફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તારીખ : ૨૦–૦૫–૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.**

**FORM-A**

---

**દેવગઢ બારીઆના મહે. એડી. જ્યુડીશીયલ મેજી. ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.દેવગઢબારીઆ.**

---

**શ્રી એસ.ઓ.ગર્ગ, એડી.જ્યુ.મેજી.ફ.ક., દેવગઢ બારીઆ.**
**(ચુકાદા તારીખ : ૦૭.૦૩.૨૦૨૬)**

**ક્રીમીનલ કેસ નં. ૩૦૫૩/૨૦૨૫**

| **એફ.આઈ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન.** | |
|---|---|
| પોલીસ સ્ટેશન : | સાગટાળા પોલીસ સ્ટેશન |
| ગુનો : | પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ), ૧૧૬(બી) મુજબ. |
| તહોમતનામા મુજબ તહોમત : | પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ), ૧૧૬(બી) મુજબ. |
| ફરિયાદી: | શ્રી સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી : | એસ.એમ.ડામોર |
| આરોપી/આરોપીઓ : | લીલાબેન આપસીંગભાઈ પટેલ, ઉ.વ.૫૬,<br>રહે. નાડાતોડ, પટેલ ફ., તા.દે.બારીઆ, જી.દાહોદ. |
| આરોપી તરફે વિ.વ.શ્રી: | એન.કે.રાઠવા |

# FORM-B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ : | ૨૪.૦૨.૨૦૨૫ |
| ફરિયાદની તારીખ : | ૨૪.૦૨.૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ : | ૨૮.૦૭.૨૦૨૫ |
| તહોમત ફરમાવ્યા તારીખ : | ૦૯.૧૨.૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યા તારીખ : | ૦૯.૧૨.૨૦૨૫ |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યા તારીખ : | ૦૭.૦૩.૨૦૨૬ |
| ચુકાદા તારીખ : | ૦૭.૦૩.૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવેલ છે. |

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિતગ | કયાં ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર ? | શું સજા કરી ? | ક્રિ.પ્રો.કો. કલમ:૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | લીલાબેન આપસીંગ ભાઈ પટેલ | – | – | પ્રોહી. એકટ ની કલમ– ૬૫ (એ)(એ), ૧૧૬(બી) મુજબ | શંકાનો લાભ આપી છોડી મૂકતો હુકમ કરવામાં આવેલ છે. | – | – |

**FORM-C**

**ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ**

**(એ) ફરિયાદ પક્ષ તરફે**

**ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવા :**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી દિનેશકુમાર પ્રભાતસિંહ રાઠોડ ની જુબાની | ૧૧ |
| ૨ | પંચ સાહેદ હિતેશભાઈ લક્ષ્મણભાઈ પટેલ ની જુબાની | ૧૭ |

**(બી) બચાવપક્ષે જો સાહેદ હોય તો,**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદ જો હોય તો,**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદ | ૧૨ |
| ૨. | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું | ૧૮ |

**બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો :–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**<u>કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–</u>**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**<u>મુદ્દામાલની વિગત</u>**

| અ.નં. | વિગત |
|---|---|
| – | – |

**<u>–: JUDGEMENT :–</u>**

**૧.** ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૨૪.૦૨.૨૦૨૫ ના રોજ કલાક ૧૮–૧૦ વાગ્યાના સુમારે મોજે. નાડાતોડ ગામે પટેલ ફળીયામાં પોતાના મકાનમાં પ્રોહી પ્રતિબંધક એરીયામાં ગેરકાયદેસર રીતે ભારતીય વિદેશી દારૂની બોટલો નંગ – ૦૨, કિંમત રૂા.૨૭૦/– નો પ્રોહી મુદ્દામાલ રાખી ગુનો કરી હાજર નહી મળી આવી ગુનો કરેલ છે. જે મતલબની ફરિયાદ ફરિયાદીએ આ કામના આરોપી વિરૂધ્ધ સાગટાળા પોલીસ સ્ટેશનમાં આપતાં, સાગટાળા પોલીસે પ્રોહી ગુના રજીસ્ટ્રર નં .૦૨૩૫/૨૦૨૫ થી ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે તપાસ કરી, તપાસના અંતે, આ કામના આરોપી વિરુધ્ધ ધી પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ),૧૧૬(બી) મુજબના શિક્ષાનેપાત્ર ગુનાનું આંક–૦૧ વાળું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

**૨.** પોલીસ અહેવાલ રજુ થતાં, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૧૦ આધારે આરોપી વિરુધ્ધ ધી પ્રોહી. એકટની કલમ– કલમ–૬૫(એ)(એ), ૧૧૬(બી) મુજબના ગુન્હા અંગેનું સંજ્ઞાન લઈ, કલમ–૨૨૭ અન્વયે સમન્સ કરતાં, હાજર થતાં કલમ–૨૩૦ મુજબ પોલીસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજોની નકલ મળી ગયાં અંગેની ખાત્રી કર્યા બાદ, કલમ–૨૬૩ મુજબ વિગતવારનું તહોમતનામુ ફરમાવી, વાંચી સંભળાવતાં સમજાવતાં ગુન્હા અંગે જવાબમાં પુછવામાં આવતાં ઈન્કાર કરતાં, કલમ–૨૬૫ મુજબ ફરિયાદ પક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**૩.** ત્યારબાદ પડેલ પુરાવા ઉપરથી આ કામના આરોપીઓનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ફરીયાદ પક્ષના પુરાવાને નકારી કાઢી બચાવના સાક્ષી તપાસેલા નથી કે, જાતે સોગંદ પર પુરાવો આપેલ નથી અને વિશેષમાં તેઓ નિર્દોષ હોઈ તેઓને નિર્દોષ છોડી મુકવા વિનંતી કરેલ છે.

**૪.** ત્યારબાદ વિ.વ.શ્રી.ઓની દલીલો સાંભળવામાં આવેલ છે. ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા આરોપીઓને સખ્તમાં સખ્ત સજા કરવા અરજ કરેલ છે. બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રી ખુબજ ભારપૂર્વક દલીલ કરેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધનો કેસ પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

**૫.** સદર કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા,ફરિયાદ પક્ષના કેસની હકીકતો, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**૧.** શું ફરિયાદ પક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૨૪.૦૨.૨૦૨૫ ના રોજ કલાક ૧૮–૧૦ વાગ્યાના સુમારે મોજે. નાડાતોડ ગામે પટેલ ફળીયામાં પોતાના મકાનમાં પ્રોહી પ્રતિબંધક એરીયામાં ગેરકાયદેસર રીતે ભારતીય વિદેશી દારૂની બોટલો નંગ – ૦૨, કિંમત રૂ.૨૭૦/– નો પ્રોહી મુદ્દામાલ રાખી ગુનો કરી હાજર નહી મળી આવી ગુનો કરી પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ), ૧૧૬(બી) મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**૨.** શું અંતિમ હુકમ ?

- ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**–: <u>નિર્ણય માટેના કારણો</u> :–**

**<u>મુદ્દા નં. ૧</u> ::–**

**(પ.૧)** આ કામે વર્તમાન આરોપીઓ વિરૂધ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરિયાદપક્ષ આરોપીઓ સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરિયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવાના રહે છે.

**–: <u>ફરિયાદ પક્ષનો પુરાવો અને તેનું મુલ્યાંકન</u>:–**

**(પ.૨)** આ કામે ફરિયાદપક્ષે પંચ સાહેદ હિતેશભાઈ લક્ષ્મણભાઈ પટેલ ને આંક– ૧૭ થી તપાસેલ છે. તેઓ પોલીસ રેઈડ દરમ્યાનના પંચનામાના પંચ છે, પરંતુ સદર પંચ હોસ્ટાઈલ જાહેર થયેલ છે. હાલના આ કામે ફરીયાદી દિનેશકુમાર પ્રભાતસિંહ રાઠોડ નાઓને આંક – ૧૧ થી તપાસેલ છે. તેઓએ આંક–૧૨ ની ફરિયાદને સમર્થન કરતો પુરાવો અપેલ છે.

આ કામે ફરિયાદીએ આરોપીઓ તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ પંચનામુ થયા બાદ આપેલી તથા બનાવ સ્થળે કેટલા વાગે પહોચેલા તેવુ ફરીયાદમાં જણાવેલ નથી તથા ખાનગી વાહનમાં તેઓ પેટ્રોલીંગમાં નીકળેલા તેનો નંબર ફરીયાદમાં જણાવેલ નથી તથા પેટ્રોલીંગમાં નીકળેલા તેની નોંધ સ્ટેશન ડાયરીમાં કરેલ નથી તથા બનાવવાળી જગ્યાની આજુબાજુ બીજા રહેણાંકના મકાનો આવેલા છે તથા જે ઘરમાંથી મુદ્દામાલ મળી આવેલ તે ઘર કોની માલીકીનુ હતુ તે અંગેનો પુરાવો મેળવેલ નથી તથા હાલના આરોપી બનાવ સ્થળેથી મુદ્દામાલ સાથે મળી આવેલ નહી.

**(પ.૩)** ફોજદારી કેસમાં ફરિયાદ પક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકારહીત પુરવાર કરવાનો રહે છે ત્યારે ફરિયાદ પક્ષે આરોપી વિરુધ્ધ મુખ્યત્વે આક્ષેપિત ગુના અંગેની ફરિયાદ આપવામાં આવેલ હોવાની હકીકત ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે. ત્યારે હાલના કેસમાં ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં મૌખિક પુરાવો રજુ કરેલ છે. જે પુરાવાનું મુલ્યાંકન નીચે મુજબ છે.

**(પ.૪)** In the case of **SATISH MEHRA VS DELHI ADMINISTRATION, 1996(O)AIJEL-SC25516,** Hon'ble Supreme court held that,

> "15. when the Judge is fairly certain that there is no prospect of the case ending in conviction the valuable time of the court should not be wasted for holding a trial only for the purpose of formally completing the procedure to pronounce the conclusion on a future date."

**(પ.૫)** આમ, ફરિયાદ પક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને તથા વંચાણે લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા **STATE OF GUJARAT V. SURESHBHAI S PATEL, 2010 (0) AIJEL-HC 224081,** નીચે મુજબ ઠરાવેલ છે.

> ***15.*** *The Trial Court has, after appreciating the oral as well as documentary evidence, found that pancha witness - Kantibhai Kikabhai declared hostile. It is also observed by the learned Magistrate that panch witness Kantibhai did not support the Panchnama at Exhibit 7. It is also observed by the learned Magistrate that the complainant has not mentioned as to how many bottles of which brand he has seized.* ***It is also observed by the learned Magistrate that when***

***panchas are turned hostile and did not support the case of the complainant, it would not be appropriate to solely rely upon the evidence of complainant. Thus, the prosecution has failed to prove its case beyond reasonable doubt against the respondent-accused.***

આમ, ઉપરોક્ત કેસમાં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે, પંચ સાહેદો ફરિયાદ પક્ષને સમર્થન આપતાં ના હોય તેમજ ફરિયાદીની જુબાની અને પુરાવાને કોઈ અન્ય કોરોબોરેટીવ પુરાવાનું સમર્થન ના મળે ત્યારે ફકત ફરિયાદીની જુબાની પર આધાર રાખીને કે સાબિત થયેલાનું  માની શકાય નહીં. આ સંજોગોમાં પંચનામાને પંચ સાહેદોના પુરાવાથી લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતું નથી. જેથી મુદ્દામાલની રીકવરી પુરવાર થતી નથી. જેથી આરોપીને તેનો લાભ મળવા પાત્ર છે. આ કામે પંચો સિવાયના સાહેદ પોલીસ સ્ટાફના માણસ છે અને તેઓ રસ ધરાવતાં અને હિત ધરાવતાં સાહેદો છે તેઓના પુરાવાને અન્ય કોઈ સ્વતંત્ર અને તટસ્થ કહી શકાય તેવા કોઈ સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. આ કામે ફરિયાદ પક્ષના પુરાવાને  ધ્યાને લેતા બનાવવાળી જગ્યા એ જાહેર જગ્યા છે અને ત્યાં રહેણાંક  વિસ્તારવળી છે અને ત્યાં ઘણા બધા લોકો રહે છે. આમ, બનાવવાની જગ્યાએ સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ છે. તેમ છતાં તપાસ કરનાર અમલદાર દ્વારા રજુ કરવામાં આવેલ ચાર્જસીટ ધ્યાનમાં લેતાં તેઓએ માત્ર પોલીસ સાહેદોના જ નિવેદન લીધેલા છે ત્યારે ફરિયાદ પક્ષના કેસ બાબતે શંકા ઉભી થાય છે. વધુમાં ફરિયાદ પક્ષના પુરાવાના વિરોધાભાસના કારણે ફરિયાદ પક્ષના કેસ પરત્વે શંકા ઉત્પન્ન થાય છે અને પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ ફરિયાદ પક્ષે પોતાનો કેસ શંકા રહીત સાબિત કરવાનો હોય છે અને આરોપીએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવાપાત્ર છે. આમ, ફરિયાદપક્ષ પોતાનો કેસ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ તથા ક્રિમીનલ જયુરીસ્પુન્ડન્સના પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે. તે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, ઉપરોકત હકીકત અને ચર્ચાને ધ્યાનમાં લઈ ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ છે તેવા  નિર્ણય ઉપર આવી મુદ્દા નં. (૧) નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. (૨) પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે

<u>**–:: આ ખ રી હુ ક મ ::–**</u>

(૧) આ કામના **આરોપી લીલાબેન આપસીંગભાઈ પટેલ, ઉ.વ.૫૬, રહે. નાડાતોડ, પટેલ ફ., તા.દે.બારીઆ, જી.દાહોદ નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૨૭૧(૧) હેઠળ પ્રોહી. એકટની કલમ – ૬૫(એ)(એ), ૧૧૬(બી) મુજબના** શિક્ષાને પાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરેલ મુદ્દામાલ અપીલ સમય વિતેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીઓએ અગાઉ આપેલા જામીન હુકમની તારીખથી છ માસ સુધી લંબાવવાનો હુકમ કરવામાં આવે છે.

<u>**ચુકાદો**</u> :– આજરોજ તા.**૦૭ મી,** માહે **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૭.૦૩.૨૦૨૬
દેવગઢબારીઆ

**(સંજયકુમાર ઓ. ગર્ગ)**
એડી.જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
દેવગઢબારીઆ
(UI Code: GJ01738)